## વડગામના કોદરામ ગામના પેરા એથ્લેટિક ગોલ્ડ મેડાલિસ્ટ યુવકનુ માદરે વતનમાં ભવ્ય સ્વાગત

વડગામ, તા. ૭

વડગામ તાલુકાના કોદરામ ગામના યુવકે સ્વિત્ઝર્લેન્ડમાં પેરા એથ્લેટિકમાં ગોલ્ડ મેડલ જીતી પોતાના વતન આવતા ગ્રામજનો દ્વારા તેનું ભવ્ય સામૈયા સાથે હરખભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રામજનો તેમજ કોદરામ આસપાસના સ્વાગત કરી ગામમાં વરઘોડો નિકાળ્યો હતો. બાદમા ગામની સ્કુલમાં સભા રાખી હતી. જ્યાં ગામના વિવિધ અગ્રણીઓએ રાજેન્દ્રસિંહને ફૂલહાર પહેરાવી શાલ ઓઢાડી હતી અને ભવ્યાતિભવ્ય સ્વાગત કરાયું હતું. દરેક સમાજના લોકોએ રાજેન્દ્રસિંહને વધુ ઉત્સાહિત કરવામાં માટે રોકડ રકમના ઈનામો આપી



ગામોના લોકો મોટી સંખ્યામાં ઉમટી પડીને ભવ્ય સ્વાગત કરી ગામમાં વરઘોડો નિકાળ્યો હતો.

કોદરામના વતની રાજેન્દ્રસિંહ વદનસિંહ રાણાએ સ્વીજરલેન્ડમાં યોજાયેલ વિશ્વ કક્ષાની પેરા એથ્લેટિક ચેમ્પિયનશીપમાં ગોલ્ડ મેડલ જીતી ભારત દેશનું તેમજ બનાસકાંઠા જિલ્લા સહિત તાલુકાઅને ગામનુ નામ રોશન કર્યુ હતું. રાજેન્દ્રસિંહ રાણા પોતાના માદરે વતનમાં આવી પહોંચતા ગ્રામજનો દ્વારા ઢોલ નગારા ત્રાંસા સાથે આ યુવકનું ભવ્ય પ્રોત્સાહિત લોકોએ સન્માનિત કર્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમમાં ગામના અગ્રણી રતૂજી. બી. રાણા, જીગરસિંહ રાણા, નરેન્દ્રસિંહ રાણા, સવજીભાઈ ચૌધરી, પ્રવીણસિંહ રાણા મફાજી ઠાકોર, નગીનદાસ મોદી, શંકરભાઈ મકવાણા, વીરાભાઈ પ્રજાપતિ, જગમાલભાઈ દેસાઈ, દિલીપભાઈ મહેતા અને કોદરામ રાજપૂત યુવક મંડળસહીતના લોકો ઉપસ્થિત રહીને ભારે જહેમત ઊઠાવી હતી.

## ડીસામાં મુખ્યમંત્રીના આવકારની તૈયારી પૂર્ણતાના આરે

ડીસા, તા. ૭

ગુજરાત મુખ્યમંત્રી આવતીકાલે ડીસા વિધાનસભા વિસ્તારમાં ત્રિવિધિય કાર્યક્રમનું લોકાર્પણ કરવા આવી રહયા છે. ત્યારે તેમના આગમનની તડામાર તૈયારીઓ પૂર્ણતાના આરે પહોંચી છે અને આ સંપૂર્ણ તૈયારીઓનું જાત નિરીક્ષણ કરવા આજે બનાસકાંઠાના કલેક્ટર ડીસા ખાતે આવી પહોંચ્યા હતા જ્યાં તેમની સાથે ડીસા ધારાસભ્ય શશીકાંત પંડ્યા, પાલિકા પ્રમુખ શિલ્પાબેન માલી સહિત ડીસા શહેરના આગેવાનો વગેરે પદાધિકારીઓ જોડાયા હતા અને તમામ તૈયારીઓનુ જાત નિરીક્ષણ કર્યુ હતું.

આજે મુખ્યમંત્રી વીજયભાઈ રૂપાણી બનાસકાંઠાના ડીસા ખાતે ત્રિવિધિય કાર્યક્રમનું વિધિવત લોકાર્પણ કરનાર છે તેમાં પ્રથમ ડીસા તાલુકાના ટેટોડા ગામે ગૌશાળામાં પશુ હોસ્પિટલ, ડીસા શાંતીધામ ખાતે પ્રાર્થના હોલ અને જુનાડીસા ઓસ્વાળ કોલેજનું લોકાપર્ણ કરશે. ત્યારે ગુજરાતના નાથને આવકારવા માટે લોકોમાં પણ અનેરો ઉત્સાહ છવાયો છે અને તેમના સ્વાગતની તમામ તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. ત્યારે આ તમામ તૈયારીઓ અને સુરક્ષાને લઈ જિલ્લા કલેક્ટર સ્થળ ઉપર આવી જાત નીરીક્ષણ કર્યુ હતુ અને સંતોષ વ્યક્ત કર્યો હતો.

### ડીસામાં બનશે અનોખું મુક્તિધામ

ડીસામાં એક એવું મુક્તિધામ બનવા જઈ રહ્યું છે જેમાં પ્રાથના હોલ, સુંદર બગીચો અને વ્યાયામના સાધનો પણ મુકવામાં આવશે અને આ એક એવું મુક્તિધામ હશે જેમાં પ્રાર્થના હોલ બગીચો વ્યાયામના સાધનો સહિતની સુવિધા ઉભી કરવામાં આવશે.

## જુનાડીસા રોડનું આચાર્ય સુબોધ સાગરજી નામકરણ કરવાની માંગ

ડીસા, તા. ૭

ડીસા તાલુકાના કોમી એકતા માટે વિખ્યાત જુનાડીસા ગામના પનોતા પુત્ર જૈન શ્રેષ્ઠીઓ ગામના વિકાસમાં સહાયની સરવાણી વહાવી માદરે વતનનું ઋણ ચૂકવવા હરહંમેશ અગ્રેસર રહે છે. ગામમાં આઝાદી વખતની હાઈસ્કૂલ અને વર્તમાનમાં આધુનિક શાંતિ ધામ તેનું જ્વલંત ઉદાહરણ છે તેમાં વધુ એક મોરપીંછરૂપે ગામમાં અદ્યતન કોલેજ સંકુલ આકાર પામનાર છે જેના ભૂમિપૂજન માટે કદાચ ગામના ઈતિહાસમાં પ્રથમવાર મુખ્યમંત્રીની પાવન પધરામણી થનાર છે. તેથી આજે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનાં આગમનને લઈ ગામજનોના હૈયા હરખના હિલોળે ચડ્યા છે. ગામના યુવક અને યુવતીઓને ઘરઆંગણે હાઈસ્કૂલ બાદ હવે કોલેજ સુધીનું શિક્ષણ મળી રહેશે ત્યારે દૂર દેશાવર બેઠે પણ ગામની ચિંતા કરતા ભામાશા સમાન જૈન શ્રેષ્ઠીઓનું આ ઋણ ચૂકવી શકાય તેમ નથી પરંતુ ગામના જ પનોતા પુત્ર અને કોમી એકતાના પ્રખર હિમાયતી ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત સુબોધ સાગરજી મહારાજના ગામ ઉપર અનેક ઉપકારો છે. આજે પણ સૂક્ષમ દેહે તેઓ ગામ ઉપર આશીર્વાદ વરસાવે છે ત્યારે તેમનું નામ ગામમાં સદાય ગુંજતું રહે તે માટે મુખ્યમંત્રીના આગમન પૂર્વે ગામના હાઈવેથી હાઈસ્કૂલ સુધી બનેલા નવીન રોડનું નામ આચાર્ય સુબોધ સાગરસુરી રોડ રખાય તેવો એક સુર સમગ્ર ગામમાંથી ઉઠવા પામ્યો છે તેની સાથે સાથે ગામમાં શિક્ષણની જ્યોત જલાવનાર ડી. જે. એન. મહેતા હાઈસ્કૂલના પૂર્વ આચાર્ય સ્વ. કે. ટી. મહેતાની વિશાળ પ્રતિમા ગામમા મુકવાની પણ ગ્રામજનોની લાગણી પ્રવર્તે છે કે જેથી અન્યો પણ તેમના દિવ્ય અને વિરલ જીવનમાંથી પ્રેરણા મેળવી શકે ગામના બે રત્નોનું યથેચ્છ સન્માન થાય તો આજના ઐતિહાસિક પ્રસંગને ચાર ચાંદ લાગી જાય તેમ છે.

## બનાસકાંઠામાં રેતીની ચોરી કરતા શખ્સોને ૭.૯૦ લાખનો દંડ

પાલનપુર

બનાસકાંઠા જિલ્લા ભૂસ્તર શાસ્ત્રી સુભાષ જોષી અને તેમની ટીમ દ્વારા ભૂમાફિયા તેમજ રેતી- ખનીજની ચોરી કરતાં શખ્સો સામે લાલ આંખ કરી અવાર- નવાર તેમની સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. અગાઉ જિલ્લામાંથી રેકોર્ડબ્રેક આવક સરકારી તિજોરીમાં જમા કરાવી છે. દરમિયાન છેલ્લા બે દિવસમાં દિવસમાં દિયોદર તેમજ કાંકરેજ તાલુકાના ઉંબરી અને કંબોઇ નજીકથી રેતીની ચોરી કરતાં ત્રણ ડમ્પર ઝડપી લેવાયા હતા. જેમના માલિકોને રૂપિયા ૭.૯૦ લાખનો દંડ ફટકારવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ અંગે સુભાષ જોષીએ જણાવ્યું હતુ કે, ડમ્પર નંબર જીજે. ૦૮. એ. યુ. ૭૫૭૬માંથી ૩૨ એમ.ટી., જીજે. ૨૭. ટી. ૯૯૬૫માંથી ૨૮ એમ. ટી., અને જીજે. ૨૪. એક્ષ. ૭૬૮૮ માંથી ૩૮ એમ. ટી. ઓવરલોડ રેતી ઝડપાઈ હતી. આ અંગે ડમ્પર માલિકો પાસેથી રૂપિયા ૭.૯૦ લાખનો દંડ ફટકારવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તેમજ અંદાજે કુલ રૂપિયા એક કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.



### વડગામ પંચાયત દ્વારા વડગામ ગામમાં ૧૦૧ વડ વાવવા સંકલ્પ

વડગામ ગ્રામ પંચાયતના સરપંચ ભગવાનસિહ સોલંકી દ્વારા વડગામમાં વૃક્ષ વાવવાની પહેલ કરી છે. બનાસકાંઠા જિલ્લામાં અપુરતા વરસાદ તથા ગ્લોબલ વોર્નિંગની અસરોથી બચવા માટે વૃક્ષ વાવવું એક ઉપાય છે. સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં જંગલો કોક્રીટના બની રહ્યા છે. અસહ્ય ગરમીના પ્રકોપથી બચવા અને ચોમાસામાં વરસાદ માટે વૃક્ષ ફરજીયાત બની રહ્યું છે ત્યારે વડગામ સરપંચ દ્વારા વૃક્ષ વાવવાની પહેલ કરાઇ છે. એમાંય વડ વાવવાનું શરૂ કરાયું છે. વડગામ ખાતે કોઈ પણ વ્યક્તિએ વડ વાવીને તેનો ઉછેર કરવા તૈયારી હોય તો વડ વડગામ ગ્રામ પંચાયત ખાતેથી લઈ જવા સરપંચ દ્વારા જણાવાયું છે. વડગામ પંચાયતના તલાટી એમ.કે. આસેડીયા, ક્લાર્ક ભરતભાઇ, લાલાભાઈ સહીત પંચાયત સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં છે.

## મોડાસાના ઝાલોદર ગામે શ્રમજીવી પરિવારના મકાનની દીવાલ ધરાશાયી થતા બે મકાનને નુકશાન

અરવલ્લી જીલ્લામાં મેઘ મહેર કરતા મેઘ કહેર વધુ થતા ૨ લોકોના મોત પાણીમાં ડૂબી જવાથી થતા અને મોડાસા તાલુકાના ભારે ભેજ હતો, જેને કારણે બપોરના સમયે અચાનક મકાનની દિવાલ ધરાશાયી થતા બાજુમાં આવેલા મથુરભાઈ પંડોરના ઘરને સહિત તાલુકા વિકાસ અધિકારીને જાણ કરી હતી. પંચાયતના સભ્યના જણાવ્યા અનુસાર ટીડીઓ સહિતના અધિકારીઓને



ઝાલોદર ગામે શ્રમજીવી પરિવારની દીવાલ ધરાશાયી થતા બાજુમાં આવેલા મકાનને પણ વ્યાપક નુકશાન થતા શ્રમજીવી પરિવારો પર આફત આવી પડી હતી સદનસીબે બપોરના સમયે દીવાલ ધરાશાયી થતા મોટી જાનહાની ટળી હતી.

ઝાલોદર ગામના ધોરાજી પાંડોરના કાચા મકાનમાં. ગત મોડી રાત્રે વરસાદને કારણે દિવાલમાં નુકશાન પહોંચ્યું હતું દિવસ દરમિયાન બનેલી દીવાલ ધરાશાયી થવાની ઘટનામાં ઘરના તમામ સભ્યો કામકાજ અર્થે બહાર હોવાથી સદનસીબે જાનહાની ટળી હતી રાત્રીના સમયે ઘટના ઘટી હોત તો મોટી દુર્ઘટના સર્જાઈ શકી હોત શ્રમજીવી પરિવારની દીવાલ ધરાશાયી થઈ હોવાની ઘટનાની જાણ થતાં તાલુકા પંચાયત સભ્ય દોડી આવ્યા હતા, અને સરપંચ જણાવ્યા છતાં કોઈ પણ અધિકારી કે કર્મચારી પાસે જાણે સમયનો અભાવ હોય તેમ અગમ્ય કારણોસર મુલાકાત લેવાનું મુનાસીબ ન માનતા તાલુકા પંચાયત સદસ્ય, સરપંચ સહીત ગ્રામજનોમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો હતો મકાન માલિકને યોગ્ય વળતર મળે તેવી ગ્રામજનો સહિત તાલુકા પંચાયતના સભ્યએ માંગ કરી હતી.



### સમાજસેવક જશુભાઈ મીઠાવાળા સમાજ રત્ન એવોર્ડથી સન્માનિત

અરવલ્લી જિલ્લાના મોડાસાનગરના સમાજસેવક જશુભાઈ મીઠાવાળા અને દેવરાજધામ ખાતે સમાજ રત્ન એવોર્ડથી સન્માનિત કરવામાં આવતા મોડાસાનગર તેમજ અરવલ્લી જિલ્લાનું ગૌરવ વધારે છે. વર્ષોથી માનવસેવાના કરી રહ્યા છે જેમાં બે રૂપિયામાં ટિફિન સેવા શાકભાજી વિતરણ સાથે વ્યસનમુક્તિનો અભિયાન ચલાવી રહ્યા છે. આવી ઉત્કૃષ્ટ સેવા બદલ દેવાયત પંડીતની ચેતન સમાધીની ગુરૂગાદિ તરફથી ગુરૂપૂર્ણિમાના દિવસે જશુભાઈ મીઠાવાળાને દેવરાજધામ ખાતે ધનગીરી મહારાજને હસ્તે સમાજના એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ હતા.





### મોડાસાના માલપુર રોડ પર ગધેડું આડું ઉતરતા રીક્ષા પલ્ટી

મોડાસા શહેરના મુખ્ય અને અંતરિયાળ માર્ગો પર રખડતા પશુઓથી અનેકવાર અકસ્માતની ઘટનાઓ બની છે. નગરપાલિકા તંત્ર રોડ અને રસ્તા પર રખડતા પશુઓને પાંજરે પુરાવામાં નિષ્ફળ રહેતા નિર્દોષ વાહનચાલકો અને રાહદારીઓ પશુઓની અડફેટે અકસ્માતનો ભોગ બની રહ્યા છે. મોડાસા શહેરના માલપુર રોડ પર બે ગધેડાઓએ તોફાન મચાવતા રોડ પરથી પસાર થતી રિક્ષાને અડફેટે લેતા રીક્ષા પલ્ટી જતા રિક્ષામાં બેઠેલ ૪ મહિલાઓના શરીરે ઈજાઓ પહોંચતા સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા. પશુની અડફેટે અકસ્માતમાં રીક્ષા પલટી જતા આજુબાજુથી દોડી આવેલા વાહનચાલકો અને રાહદારીઓમાં શહેરના માર્ગો પર રખડતા પશુઓને પાંજરે પુરવામાં આવેની ઉગ્ર માંગ કરી હતી. શહેરના જાગૃત નાગરિકે નગરપાલિકા પ્રમુખ પ્રણવ પારેખને અકસ્માતની ઘટના પછી રખડતા પશુઓ અને પશુપાલકો સામે કાર્યવાહી કરવા માંગ કરી હતી.

## ખેડબ્રહ્માના ઊંચીધનાલથી શાળાઓ માટે વૃક્ષરથનું આયોજન કરાયું

ખેડબ્રહ્મા, તા. ૭

સીઆરસી કક્ષાએ જીલ્લા પ્રાથમિક શિક્ષણાધીકારી સાબરકાંઠાની પ્રેરણાથી અને મે.તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી અને બી.આર.સી. ખેડબ્રહ્માના માર્ગદર્શન હેઠળ સીઆરસી ઊંચીધનાલની શાળાઓ માટે પહોંચ્યો અને શાળા પરિવાર અને ગ્રામજનો, એસએમસી સભ્યો દ્વારા આ વૃક્ષ રથનું અને વૃક્ષનુ કંકુ ચોખાથી સ્વાગત કરવામાં આવ્યુ તથા મહત્તમ વૃક્ષનું જતન થાય એ માટે પ્રેરણા આપવામા આવી તથા આ કાર્યક્રમમાં મદદરૂપ થનાર તમામ મુ.શી





વૃક્ષરથનું આયોજન થયુ. આ વૃક્ષરથનુંપ્રસ્થાન ગુંદેલ પ્રા. શાળાથી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, ખેડબ્રહ્મા અને બીઆરસી કો.ઓ. ખેડબ્રહ્મા દ્વારા વૃક્ષરથનું પ્રસ્થાન કરાવવામાં આવ્યુ. જે અંતર્ગત દરેક શાળામા આ વૃક્ષ રથ જે તે શાળાને આપેલ સમય પ્રમાણે મિત્રો અને શિક્ષક મિત્રોનો ખૂબ ખૂબ આભાર. આ કાર્યક્રમ અંતર્ગત સી.આર.સી. ઊંચીધનાલની શાળાઓમા તથા ગામમાં અંદાજે ૧૦૦૦ જેટલા વૃક્ષ આ દિવસે વાવવામાં આવ્યા તથા તેનુ જતન થાય એ માટે સંકલ્પ લેવડાવવામાં આવ્યાં હતા.

## વિડીયો વાઈરલ કરનાર સામે એફ આઈઆર નોધાઈ, મોટા માથા હજી પોલીસ પકડથી દુર

અંબાજી મંદિર ખાતે લોકસભા ચૂંટણી ને અનુલક્ષીને મોકડ્રીલ નું આયોજન કરવામાં આવ્યું હતું બનાસકાંઠા જિલ્લાના પોલીસ વિભાગ દ્વારા ૨૯ માર્ચ ના રોજ અંબાજી મંદિર ના પરિસર મા મંદિર બંદ થયા બાદ મોકડ્રીલ નું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારે અંબાજી મંદિર ખાતે પોલીસ અને મીડિયા ના લોકો હાજર હતા અને ત્યાર બાદ આ વીડિયો અંબાજી ના વિવિધ વોટસઅપ ગ્રુપ મા વાઈરલ થઈ ગયા હતા.

આ વીડિયો મા પોલીસ ના જવાનો આતંકવાદી બન્યા હતા અને તેમને અન્ય પોલીસ દ્વારા એક ને ઠાર મારવામાં આવ્યો હતો અને બીજા ને જીવતો પકડી લેવાયો હતો આમ આખી આ ઘટના માત્ર ને માત્ર મોકડ્રીલ હતી જે પોલીસ દ્વારા સુરક્ષા માટે કરવામાં આવી હતી ત્યારે બે દિવસ અગાઉ અંબાજી પોલીસ સ્ટેશન ના પીઆઈ દ્વારા આ મોકડ્રીલ વાળા વીડિયો કોઈ વાઈરલ કરવા નહિ અને વાઈરલ કરે તો તેની સામે પોલીસ કાર્યવાહી કરવામાં આવશે તેવી કડક ચેતવણી આપવામાં આવી હતી ત્યારબાદ બનાસકાંઠા પોલીસ દ્વારા પાલનપુર પોલીસ સ્ટેશનમાં એક વ્યક્તિ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ હતી પણ બનાસકાંઠા પોલીસ જે વ્યક્તિ વિરુદ્ધ ફરિયાદ નોધી છે તે વ્યક્તિ અગાઉ આગળ ચાર મહિનાઓ સુધી જેને જેને વીડિયો વાઈરલ કર્યા તેની ઉપર કેમ ફરિયાદ નોંધવામાં આવી નથી તે બાબત ચર્ચાસ્પદ બની છે



### બાલેટા તળાવ ફળિયા પ્રાથમિક શાળામાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકામાં બાલેટા તળાવ ફળિયુ પ્રાથમિક શાળા નંબર બે સરકારના અભિગમ પ્રમાણે એક બાળ એક છોડ પ્રમાણે વૃક્ષારોપણ કરવામાં આવ્યું. આ શાળાના તમામ બાળકોએ એસ.એમ.સી.ના સભ્યો ગ્રામજનોએ ભેગા મળી આયોજન કરેલ હતું. કોડીયાવાડા સી.આર.સી. કો.ઓર્ડીનેટર તથા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ મનોજભાઈ એલ. ગામેતી આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી વધુમાં વધુ વૃક્ષારોપણનું આયોજન થાય તેવું જણાવ્યું હતું.




મોડાસા તાલુકાની ટીટોઈની શ્રી પી એમ કોઠારી હાઈસ્કૂલના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી.ની જનરલ સભા યોજાઈ ગઈ. જેમાં શાળામાં ફરજ બજાવતા કર્મચારી મહેશભાઈ કાંતિલાલ ઠાકરની સર્વાનુમતે બિનહરીફ ચેરમેન તરીકે વરણી કરવામાં આવી હતી. જનરલ સભામાં તમામ સભ્યોએ ખૂબ ખૂબ અભિનંદન આપેલા હતા. શાળા મંડળ એજ્યુકેશન સોસાયટીના ચેરમેન પ્રહલાદસિંહજી બી. ચંપાવત તેમજ શાળાના આચાર્ય વિજયભાઈ જોશીએ ચેરમેનને ખુબ ખુબ અભિનંદન પાઠવેલ હતા. સાથે-સાથે મંડળીના પ્રગતિ માટે શુભકામના પાઠવી હતી.

જાહેર આમંત્રણ



માનનીયશ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત સરકાર



માન.શ્રી પરબતભાઈ પટેલ
સાંસદશ્રી બનાસકાંઠા



માન.શ્રી શશીકાન્તભાઈ પંડ્યા
ધારાસભ્યશ્રી ડીસા

ધારાસભ્ય શશીકાંતભાઈ પંડયાના નેતૃત્વમાં ડીસામાં મુક્તિધામ સેવા સમિતિ દ્વારા આકાર પામનાર પ્રાર્થનાસભા હોલ, નવીન ગાર્ડન અને વ્યાયામ શાળાના ખાતમુહૂર્ત પ્રસંગે આપની પધરામણીને આવકારી તમામ નગરજનોને પધારવા જાહેર આમંત્રણ પાઠવું છું.



લિ. હિતેશભાઈ વાસુભાઈ મોઢ (પુરોહીત)
મહામંત્રી, ડીસા શહેર યુવા ભાજપ, સાવીત્રી મંડપ ડેકોરેશન ડીસા